# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**પ્રિ-પરીક્ષા**

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૭૩૬,૭૩૭,૭૩૮ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :exam01@sauuni.ac.in


નં.ક્રમાંક/પરીક્ષા/૦૧/૫૩૫ /૨૦૨૫ તા.૧૫/03/૨૦૨૫

સંદર્ભ:- પ્રિ-પરીક્ષા વિભાગની તા.૧૪/૦૨/૨૦૨૫ ની નોંધમાં મળેલ આદેશ મુજબ

**પરિપત્ર:-**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજના આચાર્યશ્રી/ભવનોના અધ્યક્ષશ્રી/માન્ય અનુસ્નાતક સંસ્થાઓના વડાઓને ઉક્ત સંદર્ભ પરત્વે જણાવવામાં આવે છે કે સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ નીચે દર્શાવેલ કોષ્ટક પ્રમાણે પરીક્ષાઓના આવેદનપત્રો નિયત પરીક્ષા ફી સાથે નીચે મુજબની વિગતે ઓનલાઈન ભરવાનાં રહેશે.

(૧) કોલેજના લોગઈનમાં પ્રિ-એકઝામીનેશન મેનુની અંદર પ્રિ-એકઝામીનેશન ફોર્મ રીપોર્ટ નામના ઓપ્શનમાંથી પરીક્ષા ફોર્મની પ્રિન્ટ કરી શકશો. જેની વિગત નીચે મુજબ છે.
**[College Login => Pre-Examination => Pre-Examination Form Report]**

(૨) વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ સંસ્થાના લોગઈન મારફત એનરોલમેન્ટ/એનલિસ્ટમેન્ટ નંબર દાખલ કરી પ્રિ-પ્રિન્ટેડ ફોર્મ ડાઉનલોડ/પ્રિન્ટ કરવાના રહેશે. સદર પરિપત્ર મુજબની ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની કાર્યવાહી કોલેજ/ સંસ્થા/ભવન દ્વારા પોતાના લોગઈન મારફત પૂર્ણ કરીને ફી મેમો તેમજ ભરેલા પરીક્ષા ફોર્મની યાદી **E-mail : suexamfee@sauuni.ac.in** પર તરત મોકલી આપવાની રહેશે.

(3) તમામ કોલેજ/સંસ્થા/ભવનોએ NEP નાં યુ.જી. સેમે-૦૪ ના વિદ્યાર્થીઓ માટે **exam.saurashtrauniversity.edu/erp** વેબસાઇટ થી ઓનલાઈન પરીક્ષા ફોર્મ ભરીને તેમાં જ ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે.

## ◄ પરીક્ષા ફોર્મ તારીખ - ફી/-◄

| ક્રમ | પરીક્ષાનુ નામ (પોર્ટલ) | સેમેસ્ટર | પરિક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાનો રેગ્યુલર ફી સાથેનો સમયગાળો | પરીક્ષા ફી રૂ!- |
|---|---|---|---|---|
| | ➢ **ARTS** | | | |
| 01 | BA | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 220/- |
| 02 | BA (GEO/PSY) | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 270/- |
| 03 | BA (ID) | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 370/- |
| 04 | BSW | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 420/- |

| | | | | |
|---|---|---|---|---|
| | ➢ **LAW** | | | |
| 05 | LLB | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 270/- |
| 06 | BA (LLB) | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 250/- |
| | ➢ **BUSINESS MANAGEMENT** | | | |
| 07 | BBA | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 320/- |
| 08 | BHTM | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 1570/- |
| | ➢ **COMMERCE** | | | |
| 09 | BCOM | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 220/- |
| 10 | BCOM (COMP.SCI) | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 270/- |
| | ➢ **SCIENCE** | | | |
| 11 | BCA | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 720/- |
| 12 | BSC | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 270/- |
| 13 | BSC (IT) | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 770/- |
| 14 | BSC-MSC (APPLIED PHY) | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 620/- |
| | ➢ **PERFORMING ARTS** | | | |
| 15 | BPA | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 470/- |
| | ➢ **HOME SCIENCE** | | | |
| 16 | BSC (HS) | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 370/- |
| | ➢ **RURAL STUDIES** | | | |
| 17 | BRS | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 220/- |
| | ➢ **EDUCATION** | | | |
| 18 | BA (BED) | 4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 800/- |
| 19 | MPED | 2/4 | Dt.17-03-2025 TO 26-03-2025 | 1270/- |

૧. ઉપરોક્ત યાદી પ્રમાણે વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ ઓનલાઈન ભરવાનાં રહેશે. જેની ખાસ નોંધ લેવી.

૨. કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઈન આવેદન પત્ર ભરતા સમયે વિદ્યાર્થીનાં વિષય તથા અન્ય (જેમ કે વિદ્યાર્થીના નામ,વિષય, ફોટા, એનરોલમેન્ટ નંબર) તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા વધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ જેની તકેદારી લેવી તેના કારણે કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે સંબંધીત કોલેજ/સંસ્થા/ભવન જવાબદાર રહેશે. તેમાં યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

3 ઉપરોક્ત પરીક્ષાઓ માટે ઓનલાઈન પરીક્ષા ફોર્મ કોલેજ/સંસ્થા પોતાના લોગઈન મારફતે વેબસાઈટ પર ભરવાના રહેશે. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં આપનાર અભ્યાસક્રમ - સેમેસ્ટર દીઠ રેગ્યુલર – રીપીટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી,ફી મેમો જનરેટ કરી ઓનલાઈન ફી પેમેન્ટ કરવાનું રહેશે. યુનિવર્સિટી વેબસાઈટમાં ઓનલાઈન એન્ટ્રી નિયત તારીખ સુધીમાં કરી ફી મેમો અંગેની યાદી તેમજ ઓનલાઈન ભરાયેલ વિદ્યાર્થીની યાદીની પ્રિન્ટ **suexamfee@sauuni.ac.in**ઈ-મેઈલ મારફત યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા ફોર્મની છેલ્લી તારીખ ઉપરાંત ત્રણ (૩) દિવસ સુધીમાં મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. દરેક અભ્યાસક્રમ - સેમેસ્ટર દીઠ ચલણ તથા ફી ની રકમ અલગ અલગ જમા કરાવવાની રહેશે.

૪ જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની થિયરી (Theory) પરીક્ષા પાસ કરેલ હોય પરંતુ માત્ર આંતરિક (Internal) પરીક્ષા જ પાસ કરવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ પણ સંબંધિત સેમેસ્ટરના પરીક્ષા ફોર્મ અચૂક ભરવાના રહેશે તેમજ સંબંધિત સંસ્થા દ્વારા રીપીટર વિદ્યાર્થીઓની નિયમાનુસાર આંતરિક પરીક્ષા લઈને યુનિવર્સિટીને નિયત તારીખ સુધીમાં આંતરિક ગુણ ની

ઓનલાઈન એન્ટ્રી કરીને મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બાદ આવા કોઈપણ ફોર્મ સ્વીકારી શકાશે નહિ જેની ખાસ નોંધ લેવી.

૫. આર્ટસ, કોમર્સ,વિજ્ઞાન,શિક્ષણ,કાયદા,ગ્રામ્ય વગેરે વિદ્યાશાખાના જે વિષયોમાં યુનિવર્સિટી દ્વારા પ્રાયોગિક પરીક્ષાની ફી લેવામાં આવતી હોય તે વિષયો માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરેલી ફી લેવાની રહેશે.

૬.. વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલા આવેદનપત્રો સંબંધીત કોલેજ/સંસ્થા/ભવન દ્વારા ચાલુ સત્ર તેમજ ત્યારબાદનાં એક સત્ર સુધી સાચવી રાખવાનાં રહેશે

પરીક્ષા નિયામક

પ્રતિ,

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાના આચાર્યશ્રીઓ તરફ

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થાના વડાઓ તરફ

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત તમામ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ

(૪) વિભાગીય અધિકારીશ્રી, પરીક્ષા વિભાગ તેમજ પરીક્ષા કોમ્પ્યુટર્સ જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે.

**નકલ સાદર રવાના**

(૧) માન. કુલપતિશ્રી/માન.કુલસચીવશ્રીનાં અંગત સચિવશ્રી